જળ સંપત્તિ વિભાગના કામોમાં
નિકળનાર હાર્ડરોક ઇજારદાર દ્વારા
લઇ જવા અને તેની રકમ કપાત
કરવાની જોગવાઇ ડ્રાફ્ટ ટેન્ડર પેપરમાં
કરવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
હુકમ ક્રમાંક એમ.આઇ.સેલ/૧૦૨૦૧૦/૧૭/(૨)/ક-૧
તા. ૨૧/૦૧/૨૦૧૪

## આમુખ

જળ સંપત્તિ વિભાગ હેઠળના કામોમાંથી ખોદાણમાંથી નીકળનાર સંભવિત હાર્ડ રોક ઇજારદાર દ્વારા લઇ જવા અને તેની રકમ કપાત કરવાની જોગવાઇ ડ્રાફ્ટ ટેન્ડર પેપરમાં રાખવાની જોગવાઇ કરવામાં આવતી નથી. જેના કારણે ખોદાણમાંથી નીકળનાર હાર્ડ રોક ના જથ્થાના નિકાલની પધ્ધતિમાં વિસંગતતા ઉભી થાય છે. જેના કારણે વહિવટી પ્રશ્નો ઉપસ્થિત થાય છે. આ પ્રશ્નના નિરાકરણ માટે જરૂરી સુધારો કરવા અંગેની બાબત સરકારશ્રી સ્તરે વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

જળ સંપત્તિ વિભાગ હેઠળના કામોમાં લેવલ પધ્ધતિથી લેવાયેલ આડછેદ અને લંબછેદ મુજબ નિકળનાર સખત પથ્થર (હાર્ડ રોક)ના જથ્થાની ગણતરી કરી અંદાજ તેમજ ડ્રાફ્ટ ટેન્ડર પેપરમાં વસુલાત અંગે જોગવાઇ કરવાની રહેશે અને આ ખોદાણમાંથી મળનાર સખત પથ્થર (હાર્ડ રોક) ઇજારદાર દ્વારા લઇ જવાનો રહેશે અને તે જથ્થાની કિંમત, ડ્રાફ્ટ ટેન્ડર પેપરમાં જણાવેલ એસ.ઓ.આર.ના બેઝીક ભાવ પ્રમાણે ઇજારદારના બીલમાંથી સબંધિત વિભાગીય કચેરી દ્વારા કપાત કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એમ.પી.રાવલ)
ખાસ ફરજ પરના અધિકારી (સિં.યો)
ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ
સચિવાલય,ગાંધીનગર

પ્રતિ,

૧. સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૨ ખાસ સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ સચિવાલય ગાંધીનગર

3. સર્વે મુ.ઇ.અને અ.સ.શ્રીના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૪ નાણાકીય સલાહકાર (જ.સં)

૫ સર્વે ઉપ સચિવશ્રીઓ (તાંત્રિક)

૬ સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ

૭. સર્વે પ્રોજેક્ટ શાખા ( ક-૧, ક-૨ , ક-3, જ,એમઆઇસેલ,ક-૭)

૮. સીલેકટ ફાઇલ